Disclaimer: This translation may be used for reference purposes only. In cases where any differences occur between the Gujarati version and the original English version, the English version shall prevail.



# સીઆરપી વિનંતી નં. 2013/1 – લોન 2419-આઈએનડી પર અનુપાલન સમીક્ષા માટેની વિનંતીઃ મુન્દ્રા અલ્ટ્રા મેગા પાવર પરિયોજના

## અનુપાલન સમીક્ષા માટે સંદર્ભની શરતો

## I. પરિચય

1. સીઆરપી દ્વારા 17 ઓક્ટોબર 2013ના રોજ મેળવવામાં આવેલી અનુપાલન સમીક્ષા (વિનંતી) (પરિશિષ્ટ) માટેની વિનંતીને પગલે ભારતમાં લોન 2419-આઈએનડી મુન્દ્રા પાવર મેગા પાવર પરિયોજના માટે અનુપાલન સમીક્ષા પેનલ (સીઆરપી) દ્વારા તૈયાર કરવામાં આવેલી આ સંદર્ભની શરતો (ટીઓઆર) છે.

2. 27 ડિસેમ્બર 2013ના રોજ સીઆરપીએ વિનંતીને યોગ્ય હોવાનું નક્કી કર્યું હતું અને એડીબીના નિયામક મંડળ (બોર્ડ)ને ભલામણ કરી હતી કે તેઓ અનુપાલન સમીક્ષાને માન્ય ઠેરવે છે. બોર્ડે 17 જાન્યુઆરી 2014ના રોજ અનુપાલન સમીક્ષાને માન્યતા આપી હતી.

3. ઉત્તરદાયિત્વ કાર્યપદ્ધતિ નીતિ[1]ના ફકરા 183 અને કામગીરીની માર્ગદર્શિકા (ઓએમ) વિભાગ એલ1 કામગીરીની કાર્યપદ્ધતિના ફકરા 76 અનુસાર આ ટીઓઆર જે બોર્ડ અનુપાલન સમીક્ષા સમિતિ (બીસીઆરસી) માટે સુપરત કરવામાં આવેલી અનુપાલન સમીક્ષા માટે તક, કાર્યપદ્ધતિ, અંદાજિત સમીક્ષા સમય મર્યાદા, અંદાજપત્ર, સીઆરપી સભ્ય (સભ્યો) અને અન્ય જરૂરી માહિતી પૂરી પાડે છે. બીસીઆરસી દ્વારા મંજૂરીને આધારે સીઆરપી સંચાલન મંડળનેને ટીઓઆર પૂરી પાડશે અને તેને અનુપાલન સમીક્ષાના બોર્ડની માન્યતાના 10 કામકાજા દિવસોમાં વેબસાઇટ પર મુકશે.

## II. અનુપાલન સમીક્ષા માટેની વિનંતી

4. વિનંતી અને પરિયોજનાની સંક્ષિપ્ત માહિતીનો સાર નીચે પ્રમાણે છે:

| | |
|---|---|
| **પરિયોજનાનું નામ** | લોન 2419-આઈએનડી મુન્દ્રા અલ્ટ્રા મેગા પાવર પરિયોજના |
| **દેશ** | ભારત |
| **કરજદાર** | કોસ્ટલ ગુજરાત પાવર લિમીટેડ |
| **પરિયોજનાની મંજૂરી તારીખ** | 17 એપ્રિલ 2008 |
| **પરિયોજનાની બંધ થવા તારીખ** | 15 જુલાઇ 2014 |
| **વિનંતી કરનારા પક્ષકારો** | 1) ભરત પટેલ, જનરલ સેક્રેટરી, માછીમાર અધિકાર સંઘર્ષ સંગઠન |

[1] એડીબી.2012, ઉત્તરદાયિત્વ કાર્યપદ્ધતિ નીતિ, મનિલા.

Disclaimer: This translation may be used for reference purposes only. In cases where any differences occur between the Gujarati version and the original English version, the English version shall prevail.

| | |
|---|---|
| | (એમએએસએસ-માસ, માછીમારોના અધિકારો માટે સંઘર્ષ કરતું સંગઠન) અસરગ્રસ્ત વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ કરે છે. 2) ગજેન્દ્રસિંહ ભીમજી જાડેજા અને 3) હારુન સાલેમામદ કારા |
| **આક્ષેપો** | ફરિયાદીઓ એવો આક્ષેપ મુકે છે કે એડીબી દ્વારા તેની કામગીરી નીતિ અને કાર્યપદ્ધતિઓ સાથેના બિનઅનુસરણને કારણે પરિયોજનાએ નીચે પ્રમાણે વ્યક્તિઓને સીધી અને વાસ્તવિક અસર પહોંચાડી છે:<br><br>(i) સમુદાયો સાથે મુક્ત, અગાઉથી, વ્યાપક અને અર્થપૂર્ણ મસલતો હાથ ધરવામાં નિષ્ફળ કે જેણે માહિતી અને ભાગીદારીના મૂળભૂત અધિકારોની પૂરતી કવાયત રોકી હતી;<br>(ii) ઊંડી ક્ષતિવાળી સામાજિક અને પર્યાવરણીય અસર આકારણીઓ;<br>(iii) માછીમારી પ્રજાના ગુજરાનનો નોંધપાત્ર અને ભરપાઇ ન કરી શકાય તેવું નુકસાન;<br>(iv) માછીમારી મેદાનોની અપ્રાપ્યતા;<br>(v) સ્થાનિકોમાં રોજગારીનો અભાવ;<br>(vi) બાગાયત પર અસર;<br>(vii) ભૂજળ પર અસર;<br>(viii) મજૂર પ્રશ્નો અને સામાજિક અસંતોષ;<br>(ix) મેન્ગ્રુવ્સનો વિનાશ;<br>(x) સંચિત અસર અભ્યાસોની ગેરહાજરી;<br>(xi) રાખ (ઍશ)નું પ્રદૂષણ અને આરોગ્ય મુદ્દાઓ; અને<br>(xii) બાળકોના આરોગ્યને જોખમ. |
| **એડીબી કામગીરી વિભાગ જવાબદાર** | ખાનગી ક્ષેત્ર કામગીરી વિભાગ (પીએસઓડી) |
| **પરિયોજના સુરક્ષિતતા વર્ગીકરણ** | પર્યાવરણીય અસર માટે વર્ગ એ<br>પુનઃવસન અસર માટે વર્ગ બી<br>સ્થાનિક પ્રજાની અસર માટે વર્ગ સી |

Disclaimer: This translation may be used for reference purposes only. In cases where any differences occur between the Gujarati version and the original English version, the English version shall prevail.

| | |
|---|---|
| **પરિયોજના વર્ણન** | પરિયોજનામાં ભારતના રાજ્ય ગુજરાતના કચ્છ જિલ્લા ખાતે મુન્દ્રા તાલુકામાં ટૂંડાવાડા ગામ પાસે બિલ્ડ-ઓન-ઓપરેટ ધોરણે કુલ 4,000 મેગાવોટ્સ (મેવો)ની ઉત્પાદન ક્ષમતા સાથે કોલસા આધારિત વીજ પ્લાન્ટના બાંધકામ, કામગીરી અને નિભાવનો સમાવેશ થાય છે. ગુજરાત, મહારાષ્ટ્ર, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં વીજ પુરવઠાને પહોંચી વળવા માટે ભારત સરકાર દ્વારા આયોજિત તેના 800 મેવોના એકમો સાથે વીજ પ્લાન્ટ આધુનિક વિશાળ વીજ પરિયોજના (યુએમપીપી)માંનો એક છે. પ્લાન્ટ સુપર ક્રિટીકલ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે- તેમજ આવું કરનાર ભારતમાં ખાનગી ક્ષેત્ર દ્વારા ઉત્પાદન કરાનારા પ્લાન્ટો પૈકી એક છે અને તે પરંપરાગત સબક્રિટીકલ ઉત્પાદન કરતા એકમોની તુલનામાં વધુ પર્યાવલરણલક્ષી બની રહેવાની સંભાવના સેવાય છે. સરકારની બાંયધરી વિના એશિયન ડેવલપમેન્ટ બેન્ક (એડીબી)ના સામાન્ય મૂડી સ્ત્રોતો પાસેથી સીજીપીએલને 450 ડોલરની લોન અપાઇ છે અને તેનું સંચાલન એડીબીમાં ખાનગી ક્ષેત્ર કામગીરી વિભા9 (પીએસઓડી) દ્વારા કરવામાં આવે છે. આ રકમમાંથી 200 મિલીયન ડૉલર જોખમ ભાગીદારી કરાર મારફતે એક્સપોર્ટ-ઇમ્પોર્ટ બેન્ક ઓફ કોરીયા (કેઇએક્સઆઇએમ) દ્વારા પૂરા પાડવામાં આવી રહ્યા છે. જ્યારે છેલ્લુ એકમ વ્યાપારી ધોરણે પહોંચ્યું ત્યારે 21 માર્ચ 2013ના રોજ પરિયોજના સંપૂર્ણપણે કાર્યરત બની હતી. હાલમાં, આ પરિયોજના ભારતની વીજ જરૂરિયાતમાં 2% હિસ્સો પૂરો પાડે છે. ભારતના 2012 સુધીમાં “દરેકને માટે વીજળી”ના લક્ષ્યાંકને તે ટેકો પૂરો પાડે છે. આ પરિયોજના અદાણી પાવર પ્લાન્ટને પાસે સ્થિતછે, જે 4,620 મેવોની સંપૂર્ણ કક્ષાએ કામગીરી કરે છે અને તે 2009 અને 2012ની વચ્ચે કાર્યરત થઇ હતી. |
| **પરિયોજનાનો દરજ્જો** | 21 માર્ચ 2013ના રોજ પરિયોજના સંપૂર્ણપણે કાર્યરત થઇ ગઈ હતી, જ્યારે છેલ્લું એકમ વ્યાપારી ધોરણ સુધી પહોંચ્યું હતું. હાલમાં, આ પરિયોજના ભારતની વીજ જરૂરિયાતમાં 2% હિસ્સો પૂરો પાડે છે. 351.18 મિલીયન ડોલરનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે, જે કુલ 450 મિલીયન ડોલરના વચન સામે 78% છે. |
| **સીઆરપી સભ્ય (સભ્યો)** | શ્રી લાલાનાથ ડિ સિલ્વા અને સીઆરપી નિમણૂંક કરે ત્યારે અને ઓફિસ સંભાળે ત્યારે તેના અધ્યક્ષની સહાયથી કુ. અર્નટ્રાઉડ હાર્ટમાન અનુપાલન સમીક્ષાના અગ્રણી સમીક્ષક રહેશે. |
| **સંપર્ક વ્યક્તિ:** | શ્રી નિર્મલ ગાંગુલી<br>સલાહકાર, ઓસીઆરપી |

Disclaimer: This translation may be used for reference purposes only. In cases where any differences occur between the Gujarati version and the original English version, the English version shall prevail.

| | |
|---|---|
| | ઇમેઇલ: crp@adb.org ટેલિ: (+63 2) 632 6764 |

5. 17 જાન્યુઆરી 2014ની અસરથી બોર્ડ દ્વારા મંજૂર કરાયેલ લોન 2419-આઈએનડી મુન્દ્રા અલ્ટ્રા મેગા પાવર પરિયોજના માટે અનુપાલન સમીક્ષા વિનંતી પરના યોગ્યતાના અનુપલન સમીક્ષા પેનલના અહેવાલના પૃષ્ઠ 7ના ફકરા 14 (iii) અનુસાર, માછીમાર અધિકાર સંઘર્ષ સંગઠન (માસ, માછીમારોના અધિકાર માટે સંઘર્ષ કરતું સંગઠન)ના 52 સભ્યોમાંથી, જેમાંથી 12 ત્રાગડી બંદરના હતા તેમની સહી અને અંગૂઠા સાથે 20 જાન્યુઆરી 2014ના રોજ સીઆરપીને શ્રી ભરત પટેલે માન્યતા પત્ર સુપરત કર્યો હતો. સીઆરપીએ ઉપરોક્ત દસ્તાવેજને ધ્યાનમાં લીધો હતો અને શ્રી ભરત પટેલને પણ ફરિયાદી તરીકે ગણવાનું નક્કી કર્યું હતું.

## III. અનુપાલન સમીક્ષાનું કાર્યક્ષેત્ર

6. પરિયોજનાની રચના, પ્રક્રિયામાં અથવા અમલીકરણમાં પરિયોજનાના અસરગ્રસ્ત વ્યક્તિઓને સીધી રીતે, વાસ્તવિક રીતે અને માઠી રીતે નુકસાન કરતી હોય તેવી પરિયોજનામાં એડીબીની કામગીરીયુક્ત નીતિઓ અને કાર્યપદ્ધતિઓ દ્વારા કથિત ઉલ્લંઘનોની તપાસ અનુપાલન સમીક્ષા કરશે. એડીબીએ પરિયોજનાના સંદર્ભમાં પોતાની કામગીરીયુક્ત અને કાર્યપદ્ધતિ (ખાસ કરીને સુરક્ષિતતાઓના સંદર્ભમાં)નું પાલન કર્યું છે કે નહી તેની તપાસ કરશે. કરજદાર કે સરકારની તપાસ કરવાનો તેનો ઇરાદો નથી. અનુપાલન સમીક્ષા હાથ ધર્યા બાદ સીઆરપી બોર્ડને તેના તારણો અને ભલામણો જારી કરશે. અનુપાલન સમીક્ષા 2012 ઉત્તરદાયિત્વ કાર્યપદ્ધતિ નીતિના અનુસંધાનમાં હાથ ધરાશે.

7. એડીબીની ચોક્કસ કામગીરીયુક્ત નીતિઓ અને કાર્યપદ્ધતિઓ અને સીઆરપીના તેની યોગ્યતા સમીક્ષામાં તારણો સાથે એડીબીના બિનઅનુપાલનના આરોપોના આધારે સીઆરપી એડીબીની કામગીરીયુક્ત નીતિઓ અને કાર્યપદ્ધતિઓ કે જે પરિયોજનાની રચના, પ્રક્રિયા અને અમલીકરણ વિશે લોનની બોર્ડ દ્વાર મંજૂરી આપી તે સમયે અસરમાં હતા તેને ધ્યાનમાં લેશે. અન્ય ઉપરાંત તેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

(i) પર્યાવરણ નીતિ (2002);

(ii) ઓએમ વિભાગ એફ1 (એડીબીની કામગીરીઓમાં પર્યાવરણીય વિચારણાઓ) કે જે 29 ઓક્ટોબર 2003ના રોજ જારી કરવામાં આવી હતી; અને

(iii) ઓએમ વિભાગ સી3 (એડીબીની કામગીરીઓમાં સામાજિક પરિમાણનો પ્રારંભ) કે એપ્રિલ 2007માં જારી કરવામાં આવ્યો હતો.

## IV. અનુપાલન સમીક્ષા અને પદ્ધતિ હાથ ધરવી

8. સમગ્ર અનુપાલન સમીક્ષા પ્રક્રિયા દરિમયાન, સીઆરપી ફરિયાદીઓ, કરજદાર, સંબંધિત દેશનું પ્રતિનિધિત્વ કરતા બોર્ડના સભ્ય, સંચાલન અને કર્મચારીઓ સહિત દરેક સંબધિત પક્ષકારોને યોગ્ય લાગે તેમ સંપર્ક કરશે.

Disclaimer: This translation may be used for reference purposes only. In cases where any differences occur between the Gujarati version and the original English version, the English version shall prevail.

9. અનુપાલન સમીક્ષા નીચેનાનો સમાવેશ કરશે.:

(i) સંબંધિત પરિયોજનાની ફાઇલોની સમીક્ષા;

(ii) ભારત સરકારની પૂર્વ મંજૂરી સાથે સ્થળ મુલાકાત લેવી;

(iii) મુલાકાતો સહિત નીચેનાનો સંપર્ક કરવો:

- એડીબી સંચાલન, કર્મચારીઓ અને સલાહકારો;
- ફરિયાદીઓ;
- અન્ય પરિયોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિઓ;
- કરજદાર;
- સંબંધિત સરકારી નિયમનકારી એજન્સીઓના અધિકારીઓ; અને
- સંબંધિત દેશનું પ્રતિનિધિત્વ કરતા બોર્ડના સભ્ય;

(iv) કાર્ય હાથ ધરવામાં સહાય કરવા માટે યોગ્ય લાગે તેમ સલાહકારો અથવા તકનિકી નિષ્ણાતોને સામેલ કરવા; અને

(v) પોતાના કાર્યને હાથ ધરવામાં સીઆરપી જેને યોગ્ય ગણે તેવી અન્ય કોઇ સમીક્ષા અને સંશોધનાત્મક પદ્ધતિ;

(vi) સમાન પરિયોજના પર પૂર્ણ કરેલી તપાસના સંદર્ભ સાથે આંતરરાષ્ટ્રીય નાણાં નિગમ (આઇએફસી) અને બહુપક્ષીય રોકાણ બાંયધરી એજન્સી (એમઆઇજીએ)ના અનુપાલન સલાહકાર લોકપાલ પાસેથી સીઆરપીએ માહિતી મેળવી છે. તપાસના તબક્કા દરમિયાન વધુ માહિતી પ્રાપ્ત કરવાના પ્રયત્નો ચાલુ રહેશે. અન્ય સંબંધિત સંસઅતો અને એજન્સીઓ પાસેથી પણ માહિતી પ્રાપ્ત કરવામાં આવશે. આ માહિતીને સહજ રીતે ધ્યાનમાં લેવામાં આવશે.

## V. સમયમર્યાદા

10. બીસીઆરસી દ્વારા આ ટીઓઆરની લીલીઝંડી મળ્યેથી 10 મહિનામાં આ પ્રોજેક્ટ માટે અનુપાલન સમીક્ષા પ્રક્રિયા પૂર્ણ કરવાનું સીઆરપી વિચારે છે. નીચે સમીક્ષાની અંદાજિત સમયમર્યાદા આપેલી છે.

| પગલું | ઘટના | સમય મર્યાદા |
|---|---|---|
| 4 | **અનુપાલન સમીક્ષા હાથ ધરવી**<br><br>(સરકાર દ્વારા હેતુની સંમતિને જારી કરવા પર અનિશ્ચિતતા, સ્થળ મુલાકાતનું આયોજન મેના 3જા કે 4થા સપ્તાહમાં કરવામાં આવ્યું છે.) | ફેબ્રુઆરી-જૂન 2014 |
| 5 | **અનુપાલન સમીક્ષા પેનલનો મુસદ્દા અહેવાલ.** સીઆરપી બોર્ડને નકલ આપવાની સાથે સંચાલન, કરજદાર અને ફરિયાદીઓને | 31 જુલાઇ 2014<br>(ટિપ્પણીનો સમયગાળો 45 |

Disclaimer: This translation may be used for reference purposes only. In cases where any differences occur between the Gujarati version and the original English version, the English version shall prevail.

| | | |
|---|---|---|
| | પોતાના તારણો અને ભલામણો સાથેનો મુસદ્દા અહેવાલ જારી કરશે.<br><br>(સીઆરપીના મુસદ્દા અહેવાલ સામે ટિપ્પણીઓ/પ્રતિભાવો 3 ઓક્ટોબર 2014 સુધીમાં આવવાની શક્યતા છે.) | કામકાજના દિવસોનો છે.) |
| 6 | **સીઆરપીનો અંતિમ અહેવાલ.** સંચાલન, કરજદાર અને ફરિયાદીઓની ટિપ્પણીઓને ધ્યાનમાં લીધા બાદ સીઆરપી પોતા અહેવાલને આખરી સ્વરૂપ આપે છે અને બોર્ડને આખરી અહેવાલ સુપરત કરે છે, જેમાં ફરિયાદીઓ, કરજદાર અને સંચાલનના પ્રતિભાવોનો સમાવેશ થાય છે અને સીઆરપી દ્વારા તૈયાર કરવામાં આવેલ મેટ્રીક્સ આ પ્રકારના પ્રતિભાવો સામે કેવો પ્રતિભાવ આપ્યો છે તેનું સંક્ષિપ્તીકરણ કરે છે. | 24 ઓક્ટોબર 2014(સંચાલન, કરજદાર અને ફરિયાદીઓ પાસેથી પ્રતિભાવો મળ્યાના 14 દિવસોમાં) |
| 7 | **બોર્ડ અનુપાલન સમીક્ષા પેનલના અહેવાલની વિચારણા કરે છે.** | બોર્ડ દ્વારા સીઆરપીના આખરી અહેવાલ મળ્યાના 21 દિવસોમાં |

11. ભાષાંતર, પ્રતિભાવો સુપરત કરવા માટે વિનંતી કરાયેલ વધુ સમય અથવા અન્ય સ્થાનિક નોંધપાત્ર રાજકીય ઘટના કે જે સ્થળ મુલાકાતને વિલંબમાં નાખતી હોય તેને સમયમર્યાદા ધ્યાનમાં લેતી નથી. જો સીઆરપીને ઉપરોક્ત સમયમર્યાદામાં ફેરફાર કરવાનું જરૂરી લાગે તો, સીઆરપી પ્રથમ સુધારેલી સમમર્યાદા માટે બીસીઆરસીની મંજૂરી લેશે.

## V. અનુપાલન સમીક્ષા માટેનું અંદાજપત્ર

12. અનુપાલન સમીક્ષા માટે નીચે પ્રમાણે સૂચિત અંદાજપત્ર આપવામાં આવ્યું છે.

| અંદાજપત્રની સામગ્રી | રકમ |
|---|---|
| કારોબાર માટેની મુસાફરી | 42,000.00 ડૉલર |
| સીઆરપી અંશતઃકાલીન સભ્યોની વ્યાવસાયિક ફી | 155,000.00 ડૉલર |
| સલાહકારો | 95,000.00 ડૉલર |
| ભાષાંતરકારો/અહેવાલના સંપાદકો | 8,000.00 ડૉલર |
| કુલ | 300,000.00 ડૉલર |

/S/ આર્મટ્રાઉડ હાર્ટમેન
અનુપાલન સમીક્ષા પેનલ સભ્ય
31 જાન્યુઆરી 2014